# કલોલ-માણસા સહિત ૧૦૦ જેટલા ગામોમાં નર્મદાનું પાણી વિતરણ થઈ શક્યુ જ નહિ

## મેઘરાજાની શાહી સવારીથી જનજીવન અસ્ત-વ્યસ્ત : અમદાવાદ-મહેસાણા હાઈવે પર પણ ચક્કાજામ સર્જાયો : કલોલમાં ૧૧ ઈંચ વરસાદ થતાં પ્રતાપપુરા-લોદરાના નર્મદાના પાણી સપ્લાયના હેડવર્કસ પાણીમાં ગરકાવ

ગાંધીનગર, તા. ૩૦

મેઘરાજાની શાહી સવારીએ જિલ્લાના જનજીવનને ખોરવી નાખ્યુ



છે. કલોલ તાલુકામાં સાડા દસ ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો છે જેને કારણે અમદાવાદ-મહેસાણાનો હાઈવે સવારે ચક્કાજામ થઈ ગયો હતો. તો માણસા તાલુકામાં છ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

મેઘરાજાની શાહી સવારીને પગલે કલોલ તાલુકાનું પ્રતાપપુરા હેડવર્કસ અને માણસા તાલુકાનું લોદરા નજીકનું હેડવર્કસ પાણીમાં ગરકાવ થઈ જતાં જિલ્લાના બે નગરો સહિત ૧૦૦થી વધુ ગામોમાં નર્મદાનું પાણીનો પુરવઠો ખોરવાઈ જવા પામ્યો હતો.

આ બન્ને વોટર વર્કસને પુનઃ કાર્યાન્વીત થતાં એક સપ્તાહ જેટલો સમય લાગશે. કલોલ શહેરને જ પ્રતાપપુરા હેડવર્કસમાંથી ૧૪ થી ૧૫ લાખ એમ.એલ.ડી. જથ્થો પુરો પાડવામાં આવતો હતો. આ બન્ને હેડવર્કસ પાણીમાં ગરકાવ થતાં આજે માણસા અને કલોલનો પાણી પુરવઠો ખોરવાઈ જવા પામ્યો છે.

કલોલમાં એક જ રાતમાં ૮ ઈંચ જેટલો ભારે વરસાદ થતાં કલોલ શહેરમાં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા. પાણીનો નિકાલ માટે સત્તાવાળાઓએ પાંચ જેટલા ડિવોટરીંગ પંપ પણ કામે લગાડ્યા હતા. કલોલ-છત્રાલ માર્ગ પર પાણી ફરી વળવાને કારણે અમદાવાદ-મહેસાણા હાઈવે પરનો ટ્રાફિક ખોરવાઈ જવા પામ્યો હતો.

ડિવોટરીંગ પંપની મદદથી પાણીનો નિકાલ કરવાની કામગીરી આખો દિવસ ચાલી હતી. જો કે સાંજે મોટા વાહનોને આ માર્ગ પરથી જવા દેવામાં આવતા હતા પરંતુ નાના વાહનો માટે પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

કલોલ પંથકમાં નોંધાયેલા ભારે



વરસાદથી નુકશાનનો અંદાજ હાલ મળી શક્યો નથી. એક વ્યક્તીનું છત્રાલમાં વીજળી પડવાથી મોત નીપજ્યું છે. સવારે ૧૦ વાગ્યા સુધી કલોલમાં સાંબેલાધાર વરસાદ નોંધાયો હતો.

સમગ્ર વહીવટીતંત્રએ તેની તમામ શક્તિઓ કલોલ ખાતે કેન્દ્રીત કરી છે. માણસા પંથકમાં પણ ભારે વરસાદની અસરો જોવા મળી રહી છે. ઠેર ઠેર પાણી ભરાઈ જવાને કારણે તેમજ પીવાના પામીનો પુરતો પુરવઠો નહિ મળવાને કારણે જનજીવન પર વિપરીત અસરો પડી છે. માણસામાં રાત્રએ પાંચ ઈંચ કરતાં વધારે વરસાદ નોંધાયો હતો તેમજ દિવસ દરમ્યાન પણ હળવા વરસાદના ઝાપટા ચાલુ રહેતા લોકોએ ઘરમાં જ રહેવાનું વધુ પસંદ કર્યુ હતુ.



આનંદો... : ગાંધીનગરનું પ્રથમ નવનિર્મિત તળાવ મેઘરાજાની કૃપાથી છલકાયું. ગામને પાદરે તળાવ આપણી ભારતીય સંસ્કૃતિની પરંપરાગત રહેણી કરણી છે. ગાંધીનગરના પાદર સમા સેક્ટર-૧ ખાતે છેલ્લા ચાર વર્ષથી નિર્માણ પામી રહેલ તળાવ મંગળવારની રાત્રે ધોધમાર વરસાદથી છલકાયું છે. ગાંધીનગર માટે ઉલ્લાસનો પ્રસંગ છે. આવો આપણે સાથે મળી જલદેવનું પૂજન કરીએ. ૨જી ઓગસ્ટે ગાંધીનગરના ૫૦માં વર્ષના મંગલાચરણે નગરજનો સાંજે ૬ વાગે જળપૂજન માટે જોડાય. એવી અપીલ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરાઈ છે.

# ભારે વરસાદથી ચિલોડાના મકાનોમાં પાણી ઘુસ્યા

ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે મુશળધાર વરસાદના કારણે જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાવા પામી છે અને ઠેર ઠેર આયોજન વગરના બાંધકામો અને દબાણોના કારણે પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન રહેતા લોકોના મકાનોમાં પાણી ઘુસી ગયા હતા. આ ઉપરાંત ધણપ-મુઠીયા ક્રોસમાં વરસાદી પાણીનો ઘસમસતો પ્રવાહ જોવા લોકોની ભીડ જામી હતી.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

આખી રાત ખાબકેલા આ વરસાદના કારણે ચિલોડામાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાવાના પ્રશ્નો ઉભા થયા હતા. ચિલોડાથી અમદાવાદ તેમજ દહેગામ તરફના રોડ પર આડેધડ થયેલા બાંધકામોના પ્રતાપે પણ પાણીના ભરાવાની વિકટ સમસ્યા ઉભી થવા પામી હતી. દહેગામ રોડ પર બનેલા વિશાળ શોપીંગ કોમ્પલેક્ષો અને રોડની માર્જીનની જગ્યાએ આડેધડ દબાણોના કારણે વરસાદી પાણી આ રોડ પરના શ્રમજીવીઓના મકાનોમાં પાણી ઘુસી ગયા હતા. અમદાવાદ અને દહેગામ રોડ નજીક સરકારી જમીનમાં આવેલ વર્ષો જુની તલાવડીમાં સીમનું પાણી વહે છે, પરંતુ અહીં રોડ નજીક નવા શોપીંગ કોમ્પલેક્ષ બન્યા પરંતુ વરસાદી પાણી માટે ગરનાળાની વ્યવસ્થા ના કરી હોવાથી પાણીને નીકળવા માટે મુશ્કેલી સર્જાઈ રહી છે. આ પાણીનો ભરાવો વધુ થતા આ વિસ્તારમાં રહો શ્રમજીવીઓના મકાનોમાં આ પાણી ઘુસી ગયા હતા. જેના કારણે ઘર અને માલસામગ્રીને ઘણુ નુકશાન થવા પામ્યું હતું.

આ ઉપરાંત ચિલોડા એપ્રોચ રોડથી દહેગામ તરફના રોડ પર ક્રોસ નજીક પાલજ રોડ સુધી ગુડા દ્વારા રોડ બનાવાયો છે પરંતુ આ રોડ પર ગરનાળા ના મુકવાથી વરસાદી પાણીના નિકાલની વિકટ સમસ્યા પેદા થવા પામી છે. સ્થાનિક લોકો દ્વારા આ રોડ પર ગરનાળુ મુકવાની રજૂઆતો કરવામાં આવવા છતાં માત્ર 'આભ ફાટે ત્યારે થીગડુ મારવાની' તંત્રની નીતિના કારણે તેનો ઉકેલ ના લવાતા નાગરિકોમાં ભારે અસંતોષ અને રોષ ફેલાવા પામ્યો છે. આ તો હજુ ચોમાસાની શરૂઆત છે,

# ચિલોડા પંથકમાં મેઘરાજાની અનરાધાર કૃપા વરસતા ધરતીપુત્રો ગેલમાં



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૩૦

ગાંધીનગરના પૂર્વ વિસ્તાર ચિલોડા પંથકમાં મેઘરાજાની મહામુલી મહેરથી ખેડૂતો ખુશખુશાલ થઈ જવા પામ્યા છે. ગઈકાલે મોડી રાતથી આજે વહેલી સવાર સુધી વરસેલા ધોધમાર વરસાદના કારણે દુષ્કાળના ઓળા દૂર થઈ જતા કિસાનોમાં ખુશીની લહેર ફેલાઈ જવા પામી છે. કાચા સોના જેવા વરસાદથી કપાસ-મગફળી જેવા પાકોને ફાયદો થવા ઉપરાંત ડાંગરના પાકને પણ અનુરૂપ વરસાદ થવાથી ખેડૂતો હર્ષઘેલા થયા છે.

સમગ્ર ચિલોડા પંથકમાં ગઈકાલ રાતથી આજની સવાર સુધી ભારે વરસાદ થયો હતો. જેના કારણે ખરીફ પાકને ખૂબ લાભ થવા સાથે રવિ પાક પણ સારો રહેશે તેવી આશા બંધાઈ છે. ડાંગરના પાકને ખૂબ પાણીની જરૂર પડે છે અને આ વરસાદના કારણે ડાંગરના પાકની જરૂરિયાત પ્રમાણે પાણી વરસતા ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. આ ઉપરાંત કપાસ અને મગફળીની ખેતીને જીવતદાન મળી ગયું છે. તેમજ દુષ્કાળની ભીતિ હવે દૂર થઈ જતા નાગરિકોમાં પણ સર્વત્ર આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.

